eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 250
December 10, 2010

## ૧ લી ડિસેમ્બર 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે યોજાયેલ વિવિધ કાર્યક્રમો



૧ લી ડિસેમ્બર એ વિશ્વમાં એઈડસ અટકાયત, લોકોમાં જાગૃતિ લાવવા તેમજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો પ્રત્યે થતી તિરસ્કાર અને ભેદભાવની લાગણી દૂર કરવાના આશયથી મનાવવામાં આવતો દિવસ છે. આ વર્ષે 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે બહાર પાડવામાં આવેલ સૂત્ર "ACT Aware" છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી એલીવેશન ધ્વારા સુરત શહેરને "BEST BSUP CITY IN LARGE STATE" નો ૨૦૦૯–૧૦ ના વર્ષનો એવોર્ડ

સુરત મહાનગરપાલિકા ધ્વારા JnNURM-BSUP અંતર્ગત શહેરી ગરીબો માટે રીલોકેશન અને રીડેવલેપમેન્ટ સ્કીમ માટે કુલ ૪૬૩૧૨ આવાસો બનાવવાના કામના રૂા.૬૭૧૭૪ લાખના કુલ ૧૦ પ્રોજેકટ સરકારશ્રીમાં રજુ કરી મંજુર કરાવવામાં આવેલ હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૮,૩૩,૦૦૦ જેટલા બાળકોની તપાસણી હાથ ધરવામાં આવશે



રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી/આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૦૩/૧૨/૨૦૧૦ થી તા. ૧૫/૦૨/૨૦૧૧ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સ્વર્ણિમ ખેલ મહાકુંભ ઈનામ–વિતરણ સમારોહ

ગુજરાત સરકાર સરકાર ધ્વારા સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર રાજયમાં તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા.૧૫/૧૨/૨૦૧૦ દરમ્યાન ખેલ મહાકુંભ – ૨૦૧૦ અંતર્ગત વિવિધ રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે અનુસાર સુરત શહેરમાં કુલ નવ ઝોનમાં ચાર વિભાગમાં ચાર રમતોનું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯/૧૨/૨૦૧૦ના રોજ બપોરે ૩.૩૦ કલાકે નવનિર્મિત પાર્લે પોઈન્ટ જંકશનથી સુરત–ડુમસ રોડ તથા ઘોડદોડ રોડથી સુરત–ડુમસ રોડ તરફ જતા રસ્તા પર ફલાયઓવર બ્રિજની ઉદઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૯/૧૨/૨૦૧૦ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે નવનિર્મિત પાર્લે પોઈન્ટ જંકશનથી સુરત–ડુમસ રોડ તથા ઘોડદોડ રોડથી સુરત–ડુમસ રોડ તરફ જતા રસ્તા પર ફલાયઓવર બ્રિજની ઉદઘાટનવિધિ મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે આજરોજ સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

# ૧ લી ડિસેમ્બર 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે યોજાયેલ વિવિધ કાર્યક્રમો



૧ લી ડિસેમ્બર એ વિશ્વમાં એઈડસ અટકાયત, લોકોમાં જાગૃતિ લાવવા તેમજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો પ્રત્યે થતી તિરસ્કાર અને ભેદભાવની લાગણી દૂર કરવાના આશયથી મનાવવામાં આવતો દિવસ છે. આ વર્ષે 'વિશ્વ એઈડસ દિન' નિમિત્તે બહાર પાડવામાં આવેલ સૂત્ર "ACT Aware" છે. જે હેઠળ વધુમાં વધુ લોકોમાં એઈડસનાં ફેલાવા અને અટકાયત અંગે સાચી અને વૈજ્ઞાનિક જાણકારી મળે અને જાગૃતતા વધે તે માટે જીસેકસ–અમદાવાદ, સાપકુ–સુરત, એસ. ટી. ડી. કેર પ્રોજેકટ–આર. સી. એચ, આઈ. એમ. એ. –સુરત અને વિવિધ સહયોગી સંસ્થાઓ ધ્વારા સુરત શહેર ખાતે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ ૧ લી ડિસેમ્બર ૨૦૧૦નાં રોજ સવારે ૯.૦૦ કલાકે સરદાર ચોક, રેલ્વે સ્ટેશન ખાતેથી એક વિશાળ રેલી આયોજન ડે.મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં સુરત મહાનગરપાલિકાનાં ડે.મેયરશ્રી, સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, આરોગ્ય સમિતિ, રૂગ્ણાલય અને તંદુરસ્તીવર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ વગેરે હાજર રહયા હતા. તેમજ સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી વતી મા.કલેકટરશ્રી, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), નાયબ અધિકારીશ્રીઓ, મેડિકલ ઓફિસર્સ, આઈ.એમ.એ.નાં પદાધિકારીશ્રીઓ, એફ.પી.એ.નાં પદાધિકારીશ્રીઓ, એડવાઈઝરશ્રી આર.સી.એચ., ફેમીલી પ્લાનીંગ વિભાગનાં વડા(આર.સી.એચ.) પ્રોગ્રામ એડવાઈઝરશ્રી, એસ.ટી.ડી.કેર પ્રોજેકટનો સ્ટાફ, વિવિધ સંસ્થાનાં પ્રતિનિધિઓ, કાર્યકરો, આરોગ્ય વિભાગનો સ્ટાફ તેમજ વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ અને સુમન સ્કુલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

રેલીનું પ્રસ્થાન ડે.મેયરશ્રીનાં હસ્તે કરવામાં આવ્યું હતું તેમણે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા એચ.આઈ.વી./એઈડસ અટકાયતની કામગીરી થઈ રહી છે. તે ખૂબ જ સરાહનીય છે. તેમજ આ કાર્યક્રમની સફળતા માટે આપણે સૌ હજુ સારૂ કામ કરીએ તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમજ વધુમાં સ્થાયી સમિતિનાં અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે વિવિધ શાળા અને કોલેજમાંથી હાજર રહેલ વિદ્યાર્થીઓને હાજરી બિરદાવી હતી અને તેમનામાં વધુમાં વધુ જાગૃતતા આવે યુવાવર્ગનો આ ચેપથી બચાવ થાય તેવી આશા વ્યકત કરી હતી. મા.કલેકટરશ્રીએ સુરત શહેરમાં વધતા એઈડસનાં પ્રમાણ અંગે ચિંતા વ્યકત કરી હતી. અને સુરત શહેરનાં વિકાસની સાથે એઈડસની સેવાઓમાં વધારો થાય અને લોકો તેનો વધુને વધુ લાભ લે તેવી આશા વ્યકત કરી હતી. મા.આરોગ્ય સમિતિનાં અધ્યક્ષશ્રીએ મહિલાઓમાં એચ.આઈ.વી./એઈડસનાં વધતા પ્રમાણ અંગે ચિંતા વ્યકત કરી હતી જે માટે તેઓમાં વધુમાં વધુ જાગૃતતા ફેલાય અને તેઓનું જીવન તંદુરસ્તમય રહે અને સ્ત્રીઓને કાર્યક્રમમાં વધુમાં વધુ સહભાગી થવા માટે આહવાન કર્યુ હતું.

**Continue ...**

આ રેલીમાં આશરે ૨૦૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને ૫૦૦૦ જેટલા હેન્ડ બીલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો. રેલીનું સમાપન રેલ્વે સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સાપકુના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો.એચ.કે.સોંધરવા ધ્વારા તમામ ઉપસ્થિત મહેમાનો તથા સહભાગીઓનું સહયોગ બદલ આભાર માન્યો હતો.

રેલીનાં સમાપન બાદ સ્મીમેર મેડિકલ કોલેજ ખાતે એચ.આઈ.વી./એઈડસ જનજાગૃતિ વધે તે હેતુસર એક સ્ટોલ ઉભો કરવામાં આવ્યો. જેની સ્મીમેર મેડિકલ કોલેજના સુપ્રિટેન્ડેન્ટશ્રીના હસ્તક ખુલ્લો મુકવામાં આવ્યો જે સાત દિન સુધી ખુલ્લો રહેશે. ત્યારબાદ રંગઉપવન હોલ ખાતે આંતર કોલેજ અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન સાંજે ૫.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાસકપક્ષના નેતાશ્રી અધ્યક્ષ સ્થાને હાજર રહયા હતા. તેમજ આમંત્રિત મહેમાનોમાં આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી, આર.સી.એચ. વિભાગના વડાશ્રી, પ્રોગ્રામ એડવાઈઝરશ્રી, આઈ.એમ.એ.ના પ્રમુખશ્રી તથા જીલ્લા પંચાયત સુરતનાં આર.ડી.ડી. અધિકારીશ્રી હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત એસ.ટી.ડી. કેર પ્રોજેકટનાં બહેનો ધ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈનાં હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રોગ્રામ એડવાઈઝરશ્રી ડો.કોસંબીયા ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓ તથા કોલેજનાં વિદ્યાર્થીઓ અને સહભાગી સંસ્થાનાં કર્મચારીઓનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે આજે આ કાર્યક્રમ ધ્વારા યુવાનો એચ.આઈ.વી./એઈડસની જાગૃતતા લઈ સમાજમાં જાગૃતતા ફેલાવે તેવી યુવા મિત્રોને અપીલ કરી હતી. ત્યારબાદ મા.શાસકપક્ષના નેતાશ્રીએ તેમના વ્યકતવ્યમાં સુરતના ઝડપી વિકાસની વાતો કરી હતી તેમજ રામાયણમાં સીતાજી ધ્વારા ભગવાન રામને સમર્પિત તેમના જીવનને યાદ કરી તમામ બહેનો અને સમાજને સીતાજી જેવા ગુણો કેળવી સમાજનાં સ્ત્રીઓમાં ફેલાતા એચ.આઈ.વી. નાં પરિણામને ઘટાડવાની અપીલ કરી હતી. આ સાથે સુરત સ્થિત NSP+ તેમજ ઉપસ્થિતિ સહભાગી મિત્રો ધ્વારા મીણબત્તી પ્રાગટયનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં એચ.આઈ.વી. થી મૃત્યુ પામેલ વ્યકિતઓને બે મિનિટ મોન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

આ કાર્યક્રમની સાથે સુરત રકતદાન કેન્દ્ર ધ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫ જેટલી બોટલો રકતદાન થયું હતું.

અંતમાં આંતર કોલેજ અંતાક્ષરી સ્પર્ધાની શરૂઆત શ્રી નરેશભાઈ કાપડીયા ધ્વારા કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૯ જેટલી વિવિધ કોલેજનાં વિદ્યાર્થીઓએ કર્ણપ્રિય ફિલ્મી ગીતો ગાઈ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં પ્રથમ ક્રમે ઉધના સીટીજન કોલેજ, દ્વિતિય ક્રમે બરફીવાલા કોલેજ અને તૃતિય ક્રમે પણ ઉધના સીટીજન કોલેજની બીજી ટીમ રહી હતી અને ચોથા અને પાંચમા ક્રમે નવયુગ સાયન્સ કોલેજ અને સાર્વજનિક કોલેજ ઓફ ફિઝીયોથેરાપી આશ્વાસન ઈનામ સાથે રહયા હતા.

અંતમાં સાપકુનાં પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો.એચ.કે.સોંધરવા ધ્વારા આભારવિધિ કરવામાં આવી હતી જેમાં તમામ સ્પર્ધકો, કોલેજો, એસ.ટી.ડી.કેર પ્રોજેકટનો સ્ટાફ, તમામ ટી.આઈ.સંસ્થાઓ, પ્રેસ–મિડીયા વગેરેનો આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ કમિશ્નરશ્રી(હેલ્ય એન્ડ હોસ્પિટલ) નાં સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો.

TOP

## ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી એલીવેશન ધ્વારા સુરત શહેરને "BEST BSUP CITY IN LARGE STATE" નો ૨૦૦૯–૧૦ ના વર્ષનો એવોર્ડ



સુરત મહાનગરપાલિકા ધ્વારા JnNURM-BSUP અંતર્ગત શહેરી ગરીબો માટે રીલોકેશન અને રીડેવલેપમેન્ટ સ્કીમ માટે કુલ ૪૬૩૧૨ આવાસો બનાવવાના કામના રૂા.૬૭૧૭૪ લાખના કુલ ૧૦ (દસ) પ્રોજેકટ સરકારશ્રીમાં રજુ કરી મંજુર કરાવવામાં આવેલ હતા. જે પૈકી આજદિન સુધી કુલ ૨૫૫૮૪ આવાસોના બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૧૬૯૬૮ આવાસોનાં બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ૩૭૬૦ આવાસોનાં બાંધકામના ટેન્ડરો માંગવાની કાર્યવાહી ચાલુ છે.

પૂર્ણ થયેલ ૨૫૫૮૪ આવાસો પૈકી આજદિન સુધી ૧૩૧૬૪ આવાસો શહેર વિસ્તારમાં નદી કિનારે આવેલ ઝુંપડપટ્ટીઓ જેવી કે બાપુનગર, સુભાષનગર, નહેરૂનગર, ઈકબાલનગર, જલારામનગર, જે.પી.નગર તથા શહેરના વિકાસ કામો જેવા કે ફલાય ઓવર બ્રીજ – ટી.પી. તથા કેનાલ રસ્તાઓ, BRTS પ્રોજેકટ વિ. માં નડતરરૂપ ઝુંપડપટ્ટીઓના ઝુંપડાવાસીઓને ફાળવવામાં આવેલ છે. જે પૈકી ૧૨૫૦૦ થી વધુ ઝુંપડાવાસીઓનું સ્થળાંતર કરાવવામાં આવેલ છે. અને ૨૭ જેટલી ઝુંપડપટ્ટીઓ પૂર્ણપણે તથા ૩૫ જેટલી ઝુંપડપટ્ટીઓનું અંશત : સ્થળાંતર કરાવવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી એલીવેશન ધ્વારા સુરત શહેરને "BEST BSUP CITY IN LARGE STATE" નો ૨૦૦૯–૧૦ ના વર્ષનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે. આ એવોર્ડ આજરોજ તા.૩/૧૨/૨૦૧૦ના રોજ નવી દિલ્હી ખાતે માનનીય નાણામંત્રીશ્રી પ્રણવ મુકરજીની અધ્યક્ષતામાં યોજાયેલ સમારંભમાં મા.મંત્રીશ્રી શહેરી વિકાસ, શ્રી જયપાલ રેડ્ડી તથા મા.મંત્રીશ્રી હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી એલેવીએશન એન્ડ ટુરીઝમ, કુ.શૈલજાના વરદ હસ્તે સુરત શહેરના મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા મા. કમિશ્નરશ્રી કુ. એસ.અપર્ણાને એનાયત કરવામાં આવેલ છે. જે એવોર્ડ અંતર્ગત એક શિલ્ડ તથા રૂા. ૧.૫૦ લાખનો ચેક એનાયત કરવામાં આવેલ છે.

મહાનગરપાલિકાએ શહેરી ગરીબો માટે ઝડપભેર મોટી સંખ્યામાં બાંધેલ આવાસો તથા કાળજી અને માનવીય અભિગમ ધ્વારા ખૂબ જ ટૂંકાગાળામાં શાંતિપૂર્ણ રીતે કરેલ ઝુંપડપટ્ટી સ્થળાંતર જેવી બાબતો ધ્યાને લઈ આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

**TOP**

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ આશરે ૮,૩૩,૦૦૦ જેટલા બાળકોની તપાસણી હાથ ધરવામાં આવશે

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ, માન્ય ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં તથા બાલવાડી/આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોની તથા શાળાએ ન જતાં ૧૪ વર્ષ સુધીના બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તા. ૦૩/૧૨/૨૦૧૦ થી તા. ૧૫/૦૨/૨૦૧૧ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 'ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન' પ્રાથમિક કન્યા શાળા, (ન.પ્રા.શાળા નં.૮૪) કૃષ્ણકુંજ સોસાયટી,અડાજણ,સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાકે ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગર ના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. જેમાં પાણી સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ પટેલ, મ્યુ.સદસ્યશ્રી મનહરભાઈ પટેલ,શ્રીમતી પારૂલબેન ભારતી, શ્રીમતી અરૂણાબેન દેસાઈ, શ્રીમતી રાજુલબેન દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી, રાંદેરઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.ચેતન ચોકસી તથા અડાજણ હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા સી.આર.સી. કો–ઓર્ડીનેટર હાજર રહયા હતા.






કાર્યક્રમની શરૂઆત ન.પ્રા.શિક્ષણ સમિતિ ની પ્રા.શાળા નં.૮૪ ની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય ધ્વારા કર્યુ હતું. તથા આરોગ્યની સમજ આપતું નાટક રજુ કર્યુ હતું. હાજર રહેલ પદાધિકારી/ અધિકારીશ્રીઓનું પુષ્પ ગુચ્છ ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી એ સ્વાગત પ્રવચન તથા કાર્યક્રમ સંબંધી માહિતી આપતા જણાવ્યુ હતું કે, 'નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા,આંત્રકૃમિ,રતાંધળાપણું, દ્રષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા આ કાર્યક્રમ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળા તથા માન્ય ખાનગી પ્રાથમિક / માધ્યમિક શાળાઓ મળી કુલ–૧૫૩૦ શાળાઓ તથા ૧૦૦૪ આંગણવાડીના બાળકો મળી આશરે ૮,૩૩,૦૦૦ જેટલા બાળકોની તબીબી તપાસ કરવામાં આવશે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં મેડીકલ ઓફીસર/સ્મીમેર હોસ્પીટલના ઈન્ટર્ની, પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના શિક્ષક/ શિક્ષિકા મદદમાં રહેશે.

શાળાના બાળકોને સ્વચ્છતા સંસ્કાર મળે તે બાબતની સમજ આપતી ડીવીડી પ્રદર્શિત કરવામાં આવેલ હતી તેમજ બાળકોમાં સ્વાસ્થય પ્રત્યેની કાળજી લેવાય તે માટે આરોગ્યલક્ષી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં આઈ.સી.ડી.એસ.એસ.ટી.ડી., એચ.આઈ.વી., મેલેરીયા–ફાયલેરીયા,ડેંગ્યુ, ટી.બી., પાણી જન્ય અને પાણી સંલગ્ન રોગો તથા તમાકુથી થતા રોગો વિશે તેમજ બેટી વધાવોનું સમજ આપતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેનો નાગરીકો, બાળકો વિગેરેએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે પ્રાસંગીક પ્રવચનમાં રાજય સરકાર/સુરત મહાનગર પાલિકા બાળકોના આરોગ્ય માટે જાગૃત છે તે બદલ મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, ''જેનું તન તંદુરસ્ત તેનું મન તંદુરસ્ત'' મન તંદુરસ્ત હોય તો તે બાળક સારી કામગીરી કરી શકે. સાથે તનની તંદુરસ્તી માટે આરોગ્ય નિરોગી હોવુ જરૂરી છે. જે માટે રાજય સરકાર/સુરત મહાનગરપાલિકા જાગૃત છે. બાળકોના આરોગ્ય બાબતે કાળજી રાખવા વાલીઓ તથા શિક્ષકોને સૂચન કર્યુ હતુ.બાળકોના આરોગ્યની સારી તપાસણી થાય તે માટે શિક્ષકોને કાળજી લઈ તપાસ કરાવવા સૂચન કર્યુ હતુ તથા વાલીઓને જાગૃતિ દાખવવા જણાવ્યું.

આભાર વિધી ન.પ્રા.શાળા નં.૮૪ ના આચાર્યા શ્રીમતી રંજનબેન પટેલે કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતુ.

TOP

## સ્વર્ણિમ ખેલ મહાકુંભ ઈનામ–વિતરણ સમારોહ



ગુજરાત સરકાર સરકાર ધ્વારા સ્વર્ણિમ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર રાજયમાં તા. ૨૨/૧૧/૨૦૧૦ થી તા.૧૫/૧૨/૨૦૧૦ દરમ્યાન ખેલ મહાકુંભ – ૨૦૧૦ અંતર્ગત વિવિધ રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે અનુસાર સુરત શહેરમાં કુલ નવ ઝોનમાં ચાર વિભાગમાં ચાર રમતોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ–૧૩૭૦૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેવી જ રીતે સુરત ગ્રામ્યમાં ઝોન કક્ષાએ ૫૫૦૦૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ સુરત શહેર જિલ્લા કક્ષાએ ૧૬ રમતો પૈકી ૧૨ રમતો ડાયરેકટ અને ૦૪ રમતો ઝોન કક્ષાએ પસંદગી પામેલ ટીમોને તા.૨૫/૧૧/૨૦૧૦ થી તા.૪/૧૨/૨૦૧૦ દરમ્યાન રમતો રમાડવામાં આવેલ હતી. જેમાં કુલ ૨૦૬૬૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. એવી જ રીતે સુરત ગ્રામ્યમાં ૬૫૫૧૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આમ જીલ્લા કક્ષાએ વિજેતા થયેલ શહેર અને ગ્રામ્યના તમામ ખેલાડીઓનો પુરસ્કાર વિતરણ સમારોહ તા.૬/૧૨/૨૦૧૦ના રોજ બપોરે ૩ કલાકે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

પુરસ્કાર વિતરણ સમારંભની શરૂઆતમાં મ્યુ.કમિશ્નરશ્રી કુ. એસ.અપર્ણાએ તમામ મંચસ્થ મહાનુભાવો, આમંત્રિતો, વિજેતા ખેલાડીઓ અને હાજર રમતપ્રેમીઓને આવકારતા સુરત શહેરના નવ ઝોન વિસ્તારમાં અને ગ્રામ્યના નવ તાલુકાઓમાં પ્રાથમિક કક્ષાએ યોજાયેલ રમતો અને ત્યારબાદ જીલ્લા કક્ષાએ ભાગ લીધેલ રમતવીરોનો ઉલ્લેખ કરી રાજય સરકારે આ આયોજન માટે કરેલ માતબર રકમની ગ્રાન્ટનો ઉલ્લેખ કરી જીલ્લા કક્ષાએ વિજેતા ખેલાડીઓને આપવામાં આવનાર પુરસ્કાર અને વાંચે ગુજરાત અભિયાન હેઠળ પુસ્તકની કુપનના વિતરણ બાબતે વિગતો આપી હતી. જેમાં સુરત શહેરમાંથી ૧૪૮૬ સ્પર્ધકોને કુલ ૩૫,૪૦,૬૦૦ અને ગ્રામ્યના ૧૩૪૬ ખેલાડીઓને ૨૮,૫૧,૭૦૦ ના રોકડ પુરસ્કાર વિતરણની વિગત આપી હતી. તથા આ મહા આયોજનમાં ગ્રામ્ય તથા શહેર કક્ષાએ વ્યાયામ શિક્ષકો, કોચ, રેફરી, સુરત મહાનગરપાલિકાના તમામ અધિકારી/કર્મચારીનો તથા સ્પર્ધાના બહોળા પ્રચાર પ્રસાર બદલ મીડીયાનો પણ આભાર માન્યો હતો.

સુરત જીલ્લા પંચાયતના મા.પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલે આ અદભુત પ્રકારના આયોજનથી પ્રજામાં રમતગમત ક્ષેત્રે ખેલદીલીની ભાવના જાગૃત થાય અને રમતવીરો રાજય તથા રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભા ઉજાગર કરે તેમ જણાવ્યું હતું. મા.સંસદીય સચિવશ્રી ઈશ્વરસિંહ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે બાળકમાં રહેલ સુસુપ્ત શકિતઓને બાહર લાવવાનું કામ મા.મુખ્યમંત્રીશ્રીએ આ ખેલ મહાકુંભના આયોજન ધ્વારા કર્યુ છે. તથા હવે પછી અમદાવાદ ખાતે મોટેરા સ્ટેડીયમ ઉપર યોજાનાર ચેસ સ્પર્ધા કે જેમાં સમગ્ર રાજયમાંથી અંદાજે ૨૦૦૦૦ સ્પર્ધકો ભાગ લેશે. જે સમગ્ર વિશ્વમાં એક ઈતિહાસ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ગુજરાત રાજય રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રે અગ્રગણ્ય છે. તે જ રીતે રમત ગમત ક્ષેત્રે પણ આ આયોજન થકી રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાડીઓ પસંદગી પામી નામના મેળવે અને રાજય તથા દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ દર્શાવી હતી. તથા રમતવીરોને રમતગમત ક્ષેત્રે ઉપયોગમાં લેવાતી નવી ટેકનીકની જાણકારી વ્યાયામ શિક્ષકો ધ્વારા અપાવવા અપીલ કરી હતી.

ગ્રામ્ય તથા શહેરમાંથી જીલ્લા કક્ષાએ વિવિધ રમતોમાં પસંદગી પામેલ રમતવીરો પૈકી કુલ ૫૦ રમતવીરોને મંચસ્થ મહાનુભાવોએ ચેક તથા વાંચે ગુજરાતની કુપન આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમારંભના અંતમાં સુરત કલેકટરશ્રી એ.જે.શાહએ મંચસ્થ મહાનુભાવો, આ મહા આયોજનમાં ગ્રામ્ય તથા શહેર કક્ષાએ વ્યાયામ શિક્ષકો, જીલ્લા રમત ગમત વિભાગ, કોચ, રેફરી, સુરત મહાનગરપાલિકાના તમામ અધિકારી/કર્મચારી, સુરત જીલ્લા રમત ગમત વિભાગ, સુરત જીલ્લા શિક્ષણ વિભાગ, રમતવીરો, આમંત્રિતો તથા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

સમારંભમાં સંસદીય સચિવશ્રી ઈશ્વરભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સુરત જીલ્લા પંચાયત પ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, એડી.પોલીસ કમિશ્નરશ્રી બી.ડી.વાઘેલા, સુરત કલેકટરશ્રી એ.જે.શાહ, એસ.પી.ગ્રામ્યશ્રી કે.જી.ભાટી, સુરત જીલ્લા અધિકારીશ્રી જે.બી.વોરા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ,રમતવીરો તથા નગરજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૯/૧૨/૨૦૧૦ના રોજ બપોરે ૩.૩૦ કલાકે નવનિર્મિત પાર્લે પોઈન્ટ જંકશનથી સુરત–ડુમસ રોડ તથા ઘોડદોડ રોડથી સુરત–ડુમસ રોડ તરફ જતા રસ્તા પર ફલાયઓવર બ્રિજની ઉદઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૯/૧૨/૨૦૧૦ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે નવનિર્મિત પાર્લે પોઈન્ટ જંકશનથી સુરત–ડુમસ રોડ તથા ઘોડદોડ રોડથી સુરત–ડુમસ રોડ તરફ જતા રસ્તા પર ફલાયઓવર બ્રિજની ઉદઘાટનવિધિ મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે આજરોજ સંપન્ન થઈ.

તાપી તટે વસેલ સુરત શહેરે છેલ્લાં ઘણાં વર્ષોથી કરેલ વિકાસકૂચને કારણે ખૂબ જ નામના મેળવેલ છે અને શહેરની વિકાસકૂચ જાળવી રાખવા માટે કટિબધ્ધ છે. શહેરનાં સમતોલ વિકાસ માટે આંતર માળખાકીય સુવિધાઓ મહત્વનો ભાગ ભજવે છે. શહેરનાં સતત વિકાસની સાથોસાથ પરિવહન સહિતની માળખાકીય સુવિધાઓ પણ સુદ્રઢ કરવી તેટલી જ જરૂરી છે.તેના એક ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદી ઉપર ૦૭(સાત) બ્રીજ, ૦૯(નવ) ફલાય ઓવરબ્રીજ, ૦૪(ચાર) રેલવે ઓવરબ્રીજ/અંડરપાસ તથા ૦૨(બે) સ્થળોએ પેડેસ્ટ્રીયન સબ–વે તેમજ ૩૮(આડત્રીસ) ખાડી પરના પુલો મળી રૂા.૨૮૬.૪૭ કરોડના ખર્ચે કુલ–૬૦ જેટલા પુલોનું બાંધકામ કરવામાં આવેલ છે. હાલમાં તાપી નદી ઉપર ૦૨(બે) બ્રીજ, ૦૩(ત્રણ) ફલાય ઓવરબ્રીજ, ૦૧(એક) રેલવે ઓવરબ્રીજ તથા ખાડી ઉપરના ૦૧(એક) બ્રીજ મળી રૂા.૩૩૨.૨૮ કરોડના કુલ ૦૭(સાત) પુલના કામો પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત અંદાજે ૫૦૦ કરોડના ખર્ચના તાપી નદી પર કેબલ સ્ટેઈડ બ્રીજ સહિતના કામો આયોજન હેઠળ છે.

રૂા.૫૯ કરોડના ખર્ચે પાર્લે પોઈન્ટ ફલાય ઓવર બ્રિજ તૈયાર થયેલ છે. સુરત–ડુમસ રોડ ઉપર એરપોર્ટ, મલ્ટીપ્લેક્ષ મોલ, સુપર માર્કેટ તથા ડુમસ પીકનીક/પર્યટન સ્થળ આવેલી હોવાથી આ રોડ ગૌરવપથ તરીકે જાહેર કરવામાં આવેલ છે. શહેરના સોનેરી પિચ્છ સમાન સુરત–ડુમસ રોડ પર પાર્લે પોઈન્ટ જંકશન પર ટ્રાફિક CONFLICT/CONGESTION ના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ તેમજ સિગ્નલ ફ્રી માર્ગ મળી રહે તે માટે તેમજ સમય,બળતણનો વ્યય થતો અટકાવવા તથા પ્રદુષણની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે તે હેતુથી ફલાયઓવર બ્રિજનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઘોડદોડ રોડ પરથી એન્ટ્રી રેમ્પનો સમાવેશ પણ થાય છે.



સદર પુલની લંબાઈ ૯૧૦.૦૦ મી., ઘોડદોડ રોડ તરફ બ્રાંચ પુલ ૩૪૦.૦૦ મી.,એપ્રોચની લંબાઈ ડુમસ તરફે ૧૭૫.૦૦ મી., અઠવાગેટ તરફે ૯૦.૦૦ મી.,ઘોડદોડ રોડ તરફે ૯૦.૦૦ મી.,પુલની પહોળાઈ ૧૭.૧૦ મી., કેરેજ વે મુખ્ય પુલ ૭.૫૦ મી. અપ લેન ત્ર ૭.૫૦ મી. ડાઉન લેન, સેન્ટ્રલ વર્જ ૧.૨૦ મી., કેરેજ વે બ્રાંચ પુલ ૫.૦૦મી., ફાઉન્ડેશનનો પ્રકાર પાઈલ ફાઉન્ડેશન,સબ સ્ટ્રકચર આરસીસી પીયર, સુપર સ્ટ્રકચર પ્રીસ્ટ્રેસ્ડ 'I' બીમ ગર્ડર, ડેક સ્લેબ, ઈલાસ્ટોમેરીક બેરીંગ, એક્ષ્પાન્શન જોઈન્ટ–સીંગલ સ્ટ્રીપ સીલ ટાઈપ છે.

સદરહુ ફલાય ઓવર બ્રિજના લોકાર્પણથી ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. તદઉપરાંત મુસાફરીના સમયમાં અને ઈંધણ ખર્ચમાં ઘટાડો થશે. તેમજ પ્રદુષણની માત્રામાં પણ ઘટાડો થશે. અને અંદાજે ૫ લાખ લોકોને તેનો લાભ મળી શકશે.

આ પ્રસંગે મા.ધારાસભ્ય શ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલ, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સુરત શહેર ભાજપના પ્રમુખશ્રી પૂર્ણેશભાઈ મોદી તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP